**Divya Bhaskar, July 30, 2020 Thursday**

## Amul Dairy elections scheduled for August 29

Bhaskar News|Anand: The announcement of Amul elections has heated up politics in cooperative sector. The elections for 12 directors of 12 talukas under Amul will be held on August 29. Congress leaders have had a dominance over Amul Dairy for years. However, for the past five years, BJP-Congress are handling the administration of Amul. Everyone including MLAs eye this institution that has a turn over of crores of rupees.

With this a BJP MLA from Umreth and Congress MLA from Anand have started their preparations. After years, milk producers will field their own member in the panel. Bhartiya Kisan Union is planning to field their representative for the election. The campaigning for the elections has begun in full gear.

### Candidature for elections

Nominations for Amul elections will be available from 11-3 pm on August 6 and can be filed till 3 pm of August 13. The nominations will be made public post 3 pm on August 13. The verification process of the candidature will be taken up on August 14 at 11 am and candidature can be withdrawn till 3 pm of August 18.

The final list will be made public post the activity. On August 29, the election is scheduled from 9 am to 3 pm at Amul dairy and the counting will take place on August 31.

*Similar stories appeared in Divya Samachar on July 31, 2020, Sandesh Ahmedabad edition on July 31, 2020 and Gujarat Samachar, Kheda-Anand edition on July 21, 2020.*

દિવ્ય ભાસ્કર ગુરુવાર | 30 જુલાઈ 2020 | વિક્રમ સંવત 2076

### અમૂલ ચૂંટણીમાં કોંગ્રેસના-ભાજપના દિગ્જ નેતાઓ મેદાનમાં ઝંપલાવશે : મતગણતરી 31મી ઓગષ્ટે

# અમૂલ ડેરીની ચૂંટણી 29 ઓગષ્ટે ચૂંટણી જીતવા કાવાદાવા શરૂ કર્યા

ભાસ્કર ન્યૂઝ | આણંદ

એશિયાની સૌથી મોટા સહકારી ક્ષેત્ર અમૂલ ડેરીની ચૂંટણી જાહેરનામું બહાર પડતા સહકારી મંડળીઓના રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે. અમૂલના 12 તાલુકાના 12 ડિરેકટરો માટે ચૂંટણી આગામી 29મી ઓગસ્ટનો રોજ યોજાનાર છે.જો કે વર્ષોથી અમૂલ ડેરીમાં કોંગ્રેસના નેતાઓનું વર્ચસ્વ જોવા મળે છે. જો કે છેલ્લા 5 વર્ષથી ભાજપ-કોંગ્રેસના નેતાઓ ભેગામળીને અમૂલનું સુકાન સંભાળે છે.કરોડો ટર્નઓવર ધરાવતી ડેરીમાં ધારાસભ્યો સહિત સૌ કોઈની નજર હોય છે. જેને લઈને આ વખતે ઉમરેઠના ભાજપના ધારાસભ્ય અને આણંદના કોંગ્રેસના ધારાસભ્ય ચૂંટણીમાં ઝંપલાવવાની તૈયારીઓ આરંભી દીધી છે. વર્ષોબાદ ખરેખર સભાસદ ગણાય તેવા પશુપાલકો પોતાની પેનલ ભારતીય કિસાન યુનિયન(અ)ના નેજા હેઠળ જંગમાં ઝંપલાવનાર છે.જેથી ત્રીપાંખિયા ઝંગ ખેલાનાર છે.જેના કારણે સહકારી ક્ષેત્રના રાજકારણમા ગરમાવો જોવા મળી રહ્યો છે.

## અમૂલ ડેરીની ચૂંટણીનો કાર્યક્રમ

અમૂલની ચૂંટણી માટેઉમેદવારીપત્રો 6 ઓગષ્ટ સુધીમાં સવારના 11-00 થી 3-00મેળવી શકાશે,ઉમેદવારીપત્રો 13મી ઓગષ્ટના બપોરના 3-00 વાગ્યા સુધી ભરી શકાશે, તેજ દિવસે બપોર 3 વાગ્યા બાદ ઉમેદવારીપત્રો પ્રસિધ્ધ કરવામાં આવશે,ઉમેદવારીપત્રોની ચકાસણી 14મી ઓગષ્ટના રોજ સવારે11 કલાકે હાથધરાશે, ચકાસણીનું કામ પૂર્ણ થયા બાદ આખરી ઉમેદવારયાદી પ્રસિધ્ધ કરાશે,જ્યારે ઉમેદવારીપત્રો 18મી ઓગષ્ટે બપોરના 3 વાગ્યા સુધી પરત ખેંચી શકાશે,ત્યારબાદ ફાઈનલ યાદી જાહેર કરાશે,તેમજ મતદાનની 29મી ઓગષ્ટનો રોજ સવારે 9-00 થી બપોરના 3-00 વાગ્યા સુધી અમૂલ ડેરી ખાતે મતદાન યોજાશે,તેમજ મતગણતરી અમૂલડેરી ખાતે 31મી ઓગષ્ટનો રોજ હાથ ધરાશે.

## ભારતીય કિસાન યુનિયન(અ) 12 બેઠક પર ઉમેદાવારો મેદાને ઉતારશે

ભારતીય કિસાન યુનિયન(અ)પ્રમુખ હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, અમૂલની 12 બેઠક પર ઉમેદવારો મેદાનમાં ઉતારવામાં આવશે. આગામી 30મી જુલાઈ પ્રદેશકક્ષાના હોદેદારોની બેઠક મળશે.જેમાં 12 બેઠકો પર કયાં ઉમેદવારને મેદાનમાં ઉતારવામાં આવશે તે નકકી કરવામાં આવશે.

ચરોતરમાં અમૂલની ચૂંટણીને લઈને છેલ્લા 15 દિવસથી ધમધમાટ શરૂ થઈ ગયો હતો.જો કે અમૂલની ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થતાં સહકારી ક્ષેત્રના માધતાઓએ કમરકસીને ચૂંટણી પ્રચાર માટે ડેરીના ચેરમેનો અને મતદારોનો સંપર્ક શરૂ કરી દીધો છે.જાહેરનામું પ્રસિધ્ધ થતાં ભાજપ-કોગ્રેસના સહકારી સંઘના નેતાઓ ઉમેદવારી નોંધાવા માટે તૈયારીઓ આરંભી દીધી છે.12 બેઠકો માટે યોજાનાર ચૂંટણીમાં મોટા પ્રમાણમાં ઉમેદવાર ઝંપલાવશે તેના કારણે ચૂંટણી ભારે રસાકસી ભર્યો ઝંગ જામશે.